| | | |
|---|---|---|
| सत्यमेव जयते | **વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી**<br>૭મો માળ, બ્લોક નં ૧૮,ઉદ્યોગ ભવન,સેક્ટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૦.<br>વેબસાઇટ : http://ceiced.gujarat.gov.in | |
| | નં:ડી/રટન/સ્વર/૭-૨૦૧૬/ 25591 to 25613<br>તારીખ: | ઈ-મેઈલ:<br>cei-epd@gujarat.gov.in<br>cauditor-enp@gujarat.gov.in |
| | | ફોન નં: ૦૭૯-૨૩૨૫૬૬૪૪, ૬૨.<br>ફેક્ષ નં: ૦૭૯-૨૩૨૫૬૬૫૧. |


30 JUL 2016 25613

પ્રતિ,

૧. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસકોર્સ,વડોદરા-૩૯૦૦૦૭.

૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.,
કોર્પોરેટ ઓફિસ નાના વરાછા રોડ,
કાપોદરા ચાર રસ્તા, સુરત-૩૯૫૦૦૬

૩. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લી.,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭.

૪. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
ઉત્તર ગુજરાત વીજ કંપની લી.,
મહેસાણા-વિસનગર રોડ,મહેસાણા.

૫. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,
નાના માયાનગર રોડ, લક્ષ્મીનગર,
રાજકોટ-૩૬૦૦૦૪.

૬. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
ટોરેન્ટ પાવર લીમીટેડ,
વીજળીઘર, લાલદરવાજા,
અમદાવાદ-૩૮૦૦૦૧.

૭. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
ટોરેન્ટ પાવર લીમીટેડ,
સ્ટેશન રોડ, સુરત.

૮. મુખ્ય ઇજનેરશ્રી,
કંડલા પોર્ટ ટ્રસ્ટ, કંડલા-૩૭૦૨૧૦
જિલ્લો-કચ્છ.

વિષય: <u>હોટલ- રેસ્ટોરન્ટ/હોસ્પિટલ સહિતના જાહેરનામા હેઠળના વીજકરના પ્રોત્સાહન બાબત.</u>

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ધ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ ની કલમ 3 (3) હેઠળ તા.૩૦.૩.૧૬ ના જાહેરનામાંથી હોટલ/ રેસ્ટોરન્ટ તથા હોસ્પિટલના વીજ વપરાશકર્તાઓ માટે અધિનિયમના પરિશિષ્ટ-૧ માં નિર્દિષ્ટ કરેલ વીજકર દરમાં ઘટાડો કરેલ છે. અત્રેની કચેરી ધ્વારા આ વીજકર દર ઘટાડાની અમલવારી કઇ રીતે કરવી તેની સમજુતી તા. ૭.૫.૨૦૧૬ ના પત્રથી આપવામાં આવેલ, તાજા સંદર્ભ માટે નકલ સામેલ કરેલ છે.

૨. ઉક્ત જાહેરનામા સહિતના બધાં જાહેરનામાના લાભાર્થીઓની માહિતી દર માસ અંતે પૂરવઠેદારે અત્રે મોકલવાના થતાં નિયત **"ફોર્મ-એ" ની આઇટમ ૨(vi) તથા આઇટમ ૩ (5) માં દર્શાવી પેટા આઇટમ તરીકે દરેક જાહેરનામા હેઠળની માહિતી અલગથી અચૂક દર્શાવવા** <u>અન્યથા</u> "ફોર્મ-એ" ના બિડાણ તરીકે આપવા સંબંધીત ને જાણાવશો જેથી આવા લાભાર્થીઓની માહિતી સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએથી જ્યારે પણ પૃચ્છા કરવામાં આવે તો સાચી માહિતી ઝડપથી પૂરી પાડી શકાય. અધિનિયમ હેઠળ ઘડાયેલ મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો, ૧૯૮૬ અંતર્ગત પુરવઠેદાર ધ્વારા મોકલવાના થતા "ફોર્મ-એ" ના રીટર્નનો અદ્યતન **નમુનો આ સાથે સામેલ કરેલ છે.** વધુમાં આ નમુનો

અત્રેની કચેરીની વેબલીંક www.ceiced.gujarat.gov.in/forms-and-downloads/ પર પણ ઉપલબ્ધ છે જે ધ્યાને લઇ અદ્યતન "ફોર્મ-એ" સંપૂર્ણ માહિતી સાથેનું જ નિયમિત સમયસર મોકલવા સંબંધીત ને જણાવશો.

૩. હાલ ઉક્ત તા.૩૦.૩.૨૦૧૬ના જાહેરનામા હેઠળ દર માસ અંતિત પુરવઠેદારને કુલ કેટલા વીજ જોડાણ માટે અરજી મળી, તે પૈકી કેટલી અરજીનો તા. ૭.૫.૨૦૧૬ ના પત્ર અનુસાર સકારાત્મક નિકાલ કર્યો, કેટલી અરજીનો નકારાત્મક નિકાલ કર્યો, તથા કેટલી અરજી પડતર છે તેની માહિતી દર કેલેન્ડર માસ પૂરો થયાના દસ દિવસમાં ઇ-મેલથી પણ ઉપર દર્શાવેલ સરનામા પર મોકલી આપવા સંબંધીત ને જણાવશો જેથી સરકારશ્રીને થયેલ અમલવારીની અદ્યતન માહિતી આપી શકાય.

૪. વધુમાં આપના તમામ વીજ ગ્રાહકોને વિદ્યુત શુલ્ક દરની સાચી માહિતી સરળતાથી મળી રહે તે હેતુથી અત્રેની કચેરીના તા.૭.૫.૨૦૧૬ના પત્રથી વિદ્યુત શુલ્કના દરની માહિતીની વેબલીંક આપવા તમામ પૂરવઠેદારને જણાવેલ હતું જેની ખરેખર અમલવારી થઇ કે નહિ તેની જાણ અત્રે મળેલ નથી આથી આની આગોતરી જાણકારી પણ ઉપરોક્ત ઇ-મેલ એડ્રેસ પર મોકલી આપવા અને વિશેષ જરૂર જણાય તો અત્રેની કચેરીનો સંપર્ક સાધવા સંબંધીત ને જણાવશો.

૫. ઉક્ત બાબતો, સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ રાજ્યની અગત્યની મહેસુલી આવક તથા જુદાજુદા વીજ ગ્રાહકોને આપવામાં આવતા પ્રોત્સાહન અંગે વખતોવખત થતી રજૂઆત સંદર્ભે ખૂબ જ અગત્યની હોઇ અંગત રસ લઇ સંબંધીત ધ્વારા તુર્ત અમલવારી થાય તે રીતની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વિદ્યુત શુલ્ક સમાહર્તા,
ગાંધીનગર.

15/7/2016
16/7

બિડાણ:- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના:

અધિક સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને – સરકારશ્રીમાં વખતોવખત ઉચ્ચકક્ષાએ થતી રજુઆત સંદર્ભે ધ્યાને લાવવા સારૂ.

નકલ રવાના:

૧. તમામ વિદ્યુત શુલ્ક નિરીક્ષક – પૂરવઠેદાર ધ્વારા ઉક્ત બાબતોનો અમલ કરાવી અહેવાલ આપવા સારૂ.

૨. વિદ્યુત શુલ્ક અધિકારી – તમામ વિદ્યુત શુલ્ક નિરીક્ષકના અહેવાલનો સંકલિત રિપોર્ટ આપવા સારૂ.

૩. ચીફ ઓડીટર / ચીફ એકાઉન્ટ ઓફીસર/ આકારણી અધિકારીને – જાણ સારૂ.